सत्यमेव जयते

| | |
|---|---|
| આંક | ૦૭ |
| દાખલ તા. | ૧૩/૧૦/૨૦૨૦ |
| રજુ કર્યા તા. | ૧૩/૧૦/૨૦૨૦ |
| ચાર્જફ્રેમ કર્યા તા. | ૧૯/૦૭/૨૦૨૧ |
| તપાસેલ સાક્ષી | ૦૧ |
| ફેંસલ કર્યા તા. | ૦૫/૦૫/૨૦૨૬ |
| સમય મર્યાદા | વર્ષ: માસ:<br>દિવસ: |

**મે. ૨૨ માં એડીશ્નલ ચીફ જયુડીશિયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૨૨, મધ્યે,**
**અમદાવાદ શહેર.**

**ફોજદારી કેસ નં.૫૬૭૪૯/ ૨૦૨૦**

ફરિયાદી :– શ્રી સ ર કા ર

વિરૂધ્ધ

આરોપી :–	મહેન્દ્રભાઈ ડાહ્યાભાઇ ત્રિવેદી, ઉ.વ–૫૫, ધંધો–એજન્ટ, રહે–૨૦/૨૩૪, શ્રીનાથ એપાર્ટમેન્ટ, નવા વાડજ, અમદાવાદ શહેર.

**ગુન્હો :– ભારતીય દંડ સંહિતાની કલમ– ૪૯૮(ક),૫૦૬(૧) મુજબ.**

**સરકાર તરફે :– વિ. એ. પી. પી. શ્રી વી. બી. સોલંકી.**
**આરોપીઓ તરફે :– વિ. વ. શ્રી જે.એમ.પારેખ**

**–// ચુકાદો //–**

**(૧)** આ કામની ફરિયાદની ટુંકમાં હકીકત એવી છે કે, કોલમ નં.૧ માં જણાવેલ આરોપીએ ફરીયાદીશ્રી સાથે ઘરકામ બાબતે અવાર નવાર બોલાચાલી કરી તેમજ અન્ય પુરુષો સાથે આડા સબંધો હોવાનો શક વહેમ કરી ફરીયાદીશ્રી સાથે કારણ વગર બોલાચાલી ઝઘડો કરી માર મારી શારીરીક માનસીક ત્રાસ આપી માર મારવાની ધમકી આપી તથા ઘરમાંથી કાઢી મુકી ગુન્હો કર્યા વિગેરે બાબતે ફરિયાદ ફરિયાદીએ વાડજ પો.સ્ટે.માં ભારતીય દંડ સંહિતાની કલમ–૪૯૮(ક),૫૦૬(૧) તથા મુજબની ફરિયાદ કરતાં પોલીસે એ ગુના રજી.નં.૧૧૧૯૧૦૨૩૨૦૧૩૪૫/૨૦૨૦ થી ગુનો રજીસ્ટર કરેલ. તપાસ કરનાર અમલદારે તપાસના અંતે પુરાવો જોતાં આરોપીઓ સામે ફોજદારી કાર્યસંહિતાની કલમ–૧૭૩ અન્વયે ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

**(૨)** આ કામના આરોપીઓની સામે ધોરણસરના સમન્સની બજવણી કરતાં તેઓ પોતાના વિ.વ.શ્રી મારફત હાજર થયા હતાં અને તેમને ફોજાદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ ની જોગવાઇઓને આધીન રહી પોલીસના તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે પુરી પાડવામાં આવી હતી. ત્યારબાદ આ કામના આરોપીઓ સામે આક્ષેપીત ગુનાનું તહોમતનામું આંક–૦૨ થી ફરમાવી વાંચી, સમજાવી આરોપીની પ્લી આંક–૦૩થી રેકર્ડ કરતાં

આરોપીઓને ગુન્હો કબુલ ન હોવાથી ફરિયાદપક્ષના પુરાવા પર મુકવામાં આવેલ.

(૩) ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારૂં નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**–: ફરિયાદપક્ષનો મૌખિક પુરાવો :–**

| ક્રમ | આંક | સાહેદનું નામ | વિગત |
|---|---|---|---|
| ૧. | ૦૪ | વર્ષાબેન મહેન્દ્રભાઈ ત્રિવેદીની સોગંદ પરની જુબાની. | ફરિયાદી સાહેદ |

**–: ફરિયાદપક્ષનો દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૫ | ફરિયાદ. |
| ૨. | ૦૬ | પુરાવા બંધની પુરસીસ. |

(૪) સદર કામે ફરિયાદપક્ષે ફરિયાદી સાહેદે આંક–૦૬ થી પુરાવો બંધ કરવાની પુરશીશ રજુ કરતાં ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવા વિનંતી કરતાં ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૫) વધુમાં, આ કામે ફો.કા.સં. ની કલમ–૩૧૩ ની જોગવાઇઓ ધ્યાને લેતાં પ્રત્યેક ન્યાયીક કાર્યવાહીમાં ફરિયાદપક્ષના સાહેદો તપાસાઇ ગયા બાદ તથા આરોપીએ પોતાના બચાવ માટે જણાવવામાં આવે ત્યારે પહેલા સમગ્ર કેસ બાબતે પુછવાની જોગવાઇ છે. જેથી આરોપી વિરૂધ્ધ ફરિયાદપક્ષે જે પુરાવો રજુ થયેલ હોય તેના ખુલાસા કરવા આરોપીને તક આપવી જોઇએ. સમગ્ર કેસની કાર્યવાહી તથા પુરાવા જોતાં આ કામે આરોપી વિરૂધ્ધ કોઇ ખુલાસા લાયક પુરાવો પડેલ નથી, આરોપીના વિશેષ નિવેદનનો કોઇ પ્રશ્ન રહેતો નથી. વધુમાં, ફો.કા.સં. ની કલમ–૩૧૩(બી) ધ્યાને લેતાં કોર્ટ દ્વારા જયારે આરોપીની અંગત હાજરી વગર કાર્યવાહી કરેલ હોય ત્યારે ફો.કા.સં. ની

કલમ–૩૧૩(૧)(બી) માં જણાવેલી તપાસણી વગર કેસનો નિર્ણય કરી શકાશે. આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફો.કા.સં. ની કલમ–૩૧૩ અન્વયેનું આરોપીનું નિવેદન લીધેલ નથી તેમજ / અથવા જરૂર જણાય આવતી નથી.

**(૬)** ત્યારબાદ સદર કામે વિસ્તૃત દલીલો સાંભળવામાં આવી.

**(૭)** ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રેકર્ડની ઉપર રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાને લેતાં મારી સમક્ષ નિર્ણય માટે નીચેના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

(૧) શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે,કોલમ નં.૧ માં જણાવેલ આરોપીએ ફરીયાદીશ્રી સાથે ઘરકામ બાબતે અવાર નવાર બોલાચાલી કરી તેમજ અન્ય પુરુષો સાથે આડા સબંધો હોવાનો શક વહેમ કરી ફરીયાદીશ્રી સાથે કારણ વગર બોલાચાલી ઝઘડો કરી માર મારી શારીરીક માનસીક ત્રાસ આપી માર મારવાની ધમકી આપી તથા ઘરમાંથી કાઢી મુકી ગુન્હો કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૪૯૮(ક),૫૦૬(૧) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કર્યો છે ?

(૨) શું હુકમ ?

**(૮)** ઉપરોકત મુદાઓના જવાબ નીચે મુજબ આપું છું.

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

**–// કારણો //–**

**(૯) <u>મુદ્દા નં. ૦૧ ની ચર્ચા :–</u>**

**(૯.૧)** આ કામે ફરિયાદપક્ષનો સમગ્ર પુરવો ધ્યાને લઈએ તો, ફરિયાદપક્ષે ફરિયાદી સાહેદ વર્ષાબેન મહેન્દ્રભાઈ ત્રિવેદી તેમની આંક ૦૪ સોગંદ પરની

જુબાનીમાં જણાવે છે કે, આ કામના આરોપી તેમના પતિ થાય છે. તેમના લગ્ન તેમની સાથે ૧૯૮૫ માં થયેલા હતા. લગ્નના પાંચ વર્ષ સુધી તેમને સારી રીતે રાખેલ. ત્યારબાદ તેમની સાથે સામાન્ય બોલાચાલી કરતા હતા, તે સિવાય બીજું કાઈ બનેલ નહી, જેથી આ બનાવ બાબતે તેમને ફરીયાદ આપેલી. તેમને ફરીયાદ બતાવવામાં આવે છે, તેમાં તેમની સહી છે, જે રજુ દાખલ આંક–૦૫. આરોપીને ઓળખે છે, વધુમાં જણાવે છે કે, હાલનો કેસ તે આગળ ચલાવવા માંગતા નથી. સદર સાહેદને હોસ્ટાઇલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછતા તેમાં પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. આરોપી તરફે કોઈ ઉલટતપાસ નથી.

**(૧૦)** વધુમાં, સદર કામે ફરિયાદીએ આંક–૦૬ થી રજુ પુરાવા બંધની પુરશીશ રજુ કરતાં, અન્ય કોઇ સાહેદોને આ કામે તપાસવામાં આવેલા નથી. જેથી, રજુ થયેલા દસ્તાવેજી પુરાવાની હકીકતે આરોપી સામે આક્ષેપીત ગુનો પુરવાર કરવા માટે તેનો ઉપયોગ કરી શકાય તેમ નથી કારણ કે, કોઇપણ દસ્તાવેજી પુરાવાને મૌખિક પુરાવાથી સમર્થન મળતું હોય ત્યારે જ તે દસ્તાવેજી પુરાવાની હકીકતે આરોપી સામેના આરોપમાં ઉપયોગમાં લઇ વંચાણે લઈ શકાય તેવો કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે અને એવીડન્સ એકટની કાયદાકીય જોગવાઇને પણ આ તબકકે ધ્યાને લઇને તેનું પુરાવાકીય મુલ્યાંકન કરવાનું રહે છે.  આમ, આ કામે જે દસ્તાવેજ પુરાવા તરીકે રજુ કરેલ છે તેના સાહેદોના મૌખિક પુરાવાના અભાવે આ દસ્તાવેજી પુરાવાને સમર્થન મળેલ નથી. જેથી, સદર કામના આરોપીઓએ જ ગુન્હો કર્યો હોય તેવી કોઇ હકીકત ફરિયાદપક્ષ તમેના પુરાવાથી પુરવાર કરી શકેલ નથી. જેથી, આ દસ્તાવેજી પુરાવાને વંચાણે લઇ તેનો ઉપયોગ આરોપીઓની વિરૂધ્ધમાં કરી શકાય નહીં, તેમ આ અદાલતનું માનવું છે.

**(૧૧)** આમ, જયારે ફરિયાદી સાહેદ વર્ષાબેન મહેન્દ્રભાઈ ત્રિવેદી પોતે જ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતાં ન હોય અને ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ સાબિત કરવામાં સદંતર નિષ્ફળ રહેતાં હોય અને પડેલ પુરાવાથી કોર્ટને એવું જણાઈ આવે કે, બાકી સાહેદોને તપાસવાથી પણ ફરિયાદપક્ષ પોતાનો કેસ સાબિત કરવામાં સફળ થાય તેમ નથી, ત્યારે કોર્ટને વધુને વધુ સાક્ષીઓ

તપાસવાની ઔપચારીકતા નિભાવીને કોર્ટનો મૂલ્યવાન સમય વેડફવો ન જોઇએ અને ઉપરોકત સિધ્ધાંત નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા પોતાના ચુકાદા જેવા કે, (૧) ૧૯૯૬(૩) ક્રાઇમ્સ પાના નંબર : ૮૫ સતીષ મહેતા વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેશન અને (૨) ૨૦૦૮(૩) – ક્રિ. લો. જનરલ – ૨૨૪૩, મદન મોહન અબ્બોટ વિ. સ્ટેટ ઓફ પંજાબ અને હરિયાણા – સુપ્રિમ કોર્ટમાં પ્રસ્થાપિત કરવામાં આવેલા છે. સદર સિધ્ધાંતને અનુસરીને અત્રેની અદાલત ધ્વારા ફરિયાદપક્ષનો પુરાવો પૂર્ણ કરેલ છે અને પડેલ પુરાવાથી ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોવાના તારણ પર આવેલ છે.

**(૧૨)** હાથ પરના કેસમાં રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં તેમજ કેસની હકીકત, સંજોગો તથા થયેલ દલીલો ધ્યાને લેતાં ફરિયાદ હકીકત મુજબનો ગુનો બનેલ હોય તેવું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. તેમજ ફરિયાદપક્ષ આરોપીઓને ગુન્હા સાથે સાંકળતો સીધો કે પ્રાથમિક પુરાવો રેકર્ડ પર રજુ કરેલ શકેલ નથી કે એવી કોઇ ક્રમબધ્ધ પુરાવાની અતુટ સાંકળ રચાતી નથી કે જેના કારણે આરોપીને ગુન્હા સાથે સાંકળી શકાય. તેમજ એવો કોઇ સાંયોગિક પુરાવો પણ રેકર્ડ પર રજુ કરેલ નથી કે, જેથી આરોપીઓએ ફરિયાદ હકીકત મુજબનો ગુન્હો આચરેલ હોય તેવું અનુમાન થઇ શકે. જેથી, ઉપર મુજબ મુદ્દા નંબર – ૦૧ નો નિર્ણય " **નકારમાં** " ઠરાવી મુદ્દા નંબર – ૦૨ અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–// હુ ક મ //–**

- સદર કામે એલીસબ્રીજ પોલીસ સ્ટેશન એ ગુના રજી.નં. ૧૧૧૯૧૦૨૩૨૦૧૩૪૫/૨૦૨૦ થી, ક્રિમી. કેસ નં. ૫૬૭૪૯/૨૦૨૦ ના કામે આરોપીઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૯૮(ક),૫૦૬(૧) મુજબનાં શિક્ષાને પાત્ર ગુનાઓ

માંથી પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- આ કામે દરેક આરોપીએ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૪૩૭(એ) મુજબ રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા ઉપરની અદાલતમાં જો અપીલ થાય તો તેમાં હાજર રહેવા માટેના આપવા.

આ હુકમ આજ રોજ તા. ૫મી, માહે- મે, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

સ્થળ :- અમદાવાદ.

તા.૦૫/૦૫/૨૦૨૬ (ડો. ભારતી ગોવિંદભાઇ રાઠોડ)

૨૨ માં એડી. ચીફ જયુડીશિયલ મેજીસ્ટ્રેટ,

કોર્ટ નં. ૨૨, અમદાવાદ શહેર.

UNIQUE CODE GJ - 01481

#B.P.PADHERIYA#